નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.

(Covid-19)ના સંક્રમણની શૃંખલા તોડવા માટે "આરોગ્ય સેતુ" એપનો અસરકારક ઉપયોગ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૨/૦૫/૨૦૨૦

વંચાણે લીધા :(૧) ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયની તા.૨૯/૦૪/૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક : F.NO.11013/9/2014-Estt (A.III)

**પરિપત્ર:**

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઈરસ (Covid-19) ને નિયંત્રણમાં લાવવા ભારત સરકારના કર્મચારીગણ મંત્રાલય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લેવાની થતી તકેદારી સંબંધમાં વખતોવખત સૂચનાઓ પરિપત્રિત કરી છે.

નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણની શૃંખલા તોડવા માટે કેન્દ્ર સરકારની સેવામાં હોય તેવા તમામ અધિકારી / કર્મચારીઓ દ્વારા "આરોગ્ય સેતુ" એપનો અસરકારક ઉપયોગ કરવામાં આવે તેવી સૂચના કર્મચારીગણ મંત્રાલય, નવી દિલ્હીના તા.૨૯/૦૪/૨૦૨૦ની કચેરી યાદીથી આપવામાં આવી છે. "આરોગ્ય સેતુ" એ સરકારની Covid Tracker App છે. કોરોના વાઈરસ (Covid-19) નો ચેપ લાગ્યો હોય તેવા વ્યક્તિના સંક્રમણમાં આવનાર અન્ય વ્યક્તિને Contact tracing થકી સાવધ કરે છે / ચેતવણી આપે છે, જેથી સંબંધિત નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના જોખમથી બચી શકાય.

સમાન પ્રકારે રાજ્ય સરકાર તમામ કર્મચારી / અધિકારીઓના સંબંધમાં "આરોગ્ય સેતુ" એપના અસરકારક ઉપયોગ બાબતે નીચેની સૂચના આપે છે.

(૧) રાજ્ય સરકારની સેવામાં હોય તેવા તમામ અધિકારીઓ / કર્મચારીઓ (આઉટ સોર્સિંગથી રાખવામાં આવેલ સ્ટાફ સહિત) એ તેમના મોબાઈલ ફોનમાં તાત્કાલિક "આરોગ્ય સેતુ" એપ ડાઉનલોડ કરવી.

(૨) કચેરીએ આવવા માટે નીકળતા પૂર્વે "આરોગ્ય સેતુ" એપ પર પોતાની સ્થિતિ / સ્ટેટસની સમીક્ષા આવશ્ય કરવી અને એપ પર "સુરક્ષિત" અથવા "ઓછું જોખમ"ની સ્થિતિ દર્શાવે ત્યારે જ કચેરીએ આવવા નીકળવું.

(૩) તમામ અધિકારી / કર્મચારીને સલાહ આપવામાં આવે છે કે બ્લ્યૂટૂથ આસપાસના વિસ્તારના સંક્રમિત લોકોના સંપર્ક (તાજેતરમાં સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય)ના આધારે વિશ્લેષણ કરીને "થોડુંક" અથવા "વધુ જોખમ" દર્શાવે તો તેવા કર્મચારી / અધિકારીએ કચેરી આવવું નહિ. ૧૪ દિવસ સુધી અથવા એપમાં તેમની સ્થિતિ "સુરક્ષિત" અથવા "ઓછું જોખમ" ન દર્શાવે ત્યાં સુધી પોતાને અન્ય વ્યક્તિના સંપર્કથી દૂર રાખવા / Self Isolate રહેવું.



Scanned with CamScanner

(૪) "આરોગ્ય સેતુ" એપનો ઉપયોગ બધા કર્મચારી / અધિકારીએ ફરજિયાત કરવાનો છે. તમામ કર્મચારી આ એપનો ઉપયોગ કરે તે જોવાની જવાબદારી સંબંધિત કચેરીના વડાની રહેશે.

વહીવટી વિભાગના સંબંધમાં નાયબ સચિવશ્રી (મહેકમ) / મહેકમ શાખા તેમજ અન્ય તમામ કચેરીઓના સંબંધમાં સંબંધિત મહેકમ અધિકારી / વહીવટી અધિકારીએ સુનિશ્ચિત કરવું કે ઉપરના તમામ આદેશોનું ચુસ્તપણે પાલન થાય.

(૫) તમામ વહીવટી વિભાગોએ તેઓ હસ્તકની કચેરી તેમજ તમામ સ્વાયત્ત, વૈધાનિક સંસ્થાઓ, જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં વગેરેને પણ આવી સૂચના આપવી. તમામ વહીવટી વિભાગોએ એ ધ્યાનમાં રાખવું કે "આરોગ્ય સેતુ" એપના ઉપયોગ સંબંધમાં તેઓ હસ્તકની કચેરી / ખાતાના વડાઓ દ્વારા અલગ-અલગ માહિતી આપવામાં ન આવે. વહીવટી વિભાગ તેમજ કચેરીઓની સંકલિત માહિતી જ મોકલી આપવામાં આવે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલ દયાની)
અગ્ર સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેઓ હસ્તકની તાબાની કચેરીઓના ધ્યાને મુકવા સારૂ.)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડા / કચેરીના વડા.
- માહિતી નિયામકશ્રી, માહિતી નિયામકશ્રીની કચેરી, ડૉ. જે.એમ. ભવન, ગાંધીનગર. (અખબારી યાદી પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ રવાના)
- સર્વે કલેક્ટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી.
- નિવાસી નાયબ સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (મહેકમ), સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (સંકલન), સચિવાલય, ગાંધીનગર. (તાબાની કચેરીઓને ધ્યાને મુકવા સારુ)
- નાયબ પોલીસ અધીક્ષકશ્રી (સલામતી શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બુથ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ (ટ-શાખા)

Scanned with CamScanner

ક્રમાંક: પ્રાશિ.૨/મકમ/૨૦૨૦/૭૨૨૦-૭૭૮૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
તા. ૦૪/૦૫/૨૦૨૦

ર/ન નકલ રવાના જાણ તથા અમલ સારૂં.

સહી
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
૧. કર્મચારી/અધિકારીશ્રી તમામ,
સદર કચેરી

૨. આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
તમામ, જિ. બનાસકાંઠા

Scanned with CamScanner